R N I No.: 20664 New Delhi. Date : 17-9-1976. Post Reg. No. Navsari / 04 / 2018-2020, Valid Up To 31-12-2020.
Date of Posting : 9th of Every Month. Posting at Navsari Head Post Office

A SYMBOL OF STATUS

હોમ અવે ફ્રોમ હોમ

# URJA GIRLS HOSTEL

ભાઈકાકા કોમ્પ્લેક્ષ, નાના બજાર,
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦.








- ❖ એસી/નોન એસી રૂમ્સ અવેલેબલ.
- ❖ ટુ/થ્રી/ફોર સીટિડ રૂમ્સ વીથ ઓલ મોર્ડન ફેસીલીટીઝ.
- ❖ ઈન્ડીવીઝીયુલ રેફ્રીજરેટર એન્ડ ઈન્ટરકોમ સીસ્ટમ ઈન ઈચ રૂમ.
- ❖ બેડસ વીથ ડનલોપ મેટ્રેસીસ એન્ડ પીલોઝ.
- ❖ રાઈટીંગ ટેબલ / ડ્રોઈંગ ટેબલ, ચેર, ફુલ સાઈઝ કપબોર્ડ વીથ લોકર.
- ❖ અનલીમીટિડ વાઈ-ફાઈ.
- ❖ બ્રેકફાસ્ટ-ટી/કોફી/મીલ્ક - લન્ચ બોક્ષ-લન્ચ એન્ડ ડીનર.
- ❖ સેપ્રેટ કીચન પેન્ટ્રી ફોર સ્ટુડન્ટ.
- ❖ હોમ થિયેટર ફોર એન્ટરટેઈન્મેન્ટ.
- ❖ જીમ્નાસીયમ ફોર એકસરસાઈઝ.
- ❖ ટેરેસ ગાર્ડન વીથ ઝુલા.
- ❖ એલોટેડ પાર્કીંગ
- ❖ ૨૪ હર્વસ સીક્યુરીટી ગાર્ડ.

**ફોર એડમીશન : શ્રી દિનકરરાઈ ગુલાબભાઈ દેસાઈ એન્ડ કેતન દેસાઈ**

ફોન નં. (૦૨૬૯૨) (ઓફીસ) ૨૩૮૦૧૮, ૨૩૧૫૦૮ (રહેઠાણ) ૨૪૩૭૯૯ ● મોબાઈલ : ૯૮૨૫૦ ૪૩૭૧૮

PSD-KALVACH P APRIL 2017 TO MARCH 2018

PUBLISHERS NAME : PANKAJ SHANKARBHAI DESAI, AT & PO. KALWACH, DI. NAVSARI, NAVSARI. M. 98250 91950
PUBLISHED AT : SHUKLESHWAR DHAM, AT. & PO. ANAVAL, DI. SURAT - PIN. 396 510.
ON BEHALF OF SHUKLESHWAR MAHADEV MANDAL TRUST.
Email : pankajsdesai@hotmail.com, pankajsdesai@gmail.com
PRINTERS NAME : GIRISHCHANDRA VALLABHBHAI DESAI, SAIBABA SOC., AT & PO. KADODARA, DI. SURAT - PIN 394 327.
PRINTED AT : JAI JALARAM PRINTERS, AT & PO. KADODARA, DI. SURAT. M. 98252 80379

# એશિયાનું સૌથી મોટું ફિઝિયોથેરાપી સેન્ટર

## (ટ્રીટમેન્ટ દરમિયાન દર્દીઓ માટે રૂમ ઉપલબ્ધ)

**દરેક પ્રકારની થેરાપી એક જ જગ્યાએ**

- ન્યૂરો-ફિઝિયોથેરાપી
- પીડિયાટ્રીક ફિઝિયોથેરાપી
- મસ્ક્યુલોસ્કેલેટલ ફિઝિયોથેરાપી

- સમગ્ર એશિયામાં એકમાત્ર ફિઝિયોથેરાપી સેન્ટર જે ૩૫,૦૦૦ સ્કવેર ફૂટથી પણ વધારે જગ્યામાં ફેલાયેલું છે.
- ૨૧થી પણ વધુ ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડના અત્યંત આધુનિક ટેક્નોલોજીવાળા સાધનોથી સુસજ્જ.
- એક થેરાપિસ્ટ એક પેશન્ટની ટ્રીટમેન્ટ - અમારૂં લક્ષ્ય છે.
- સ્ટ્રોક, બાળલકવો, ન્યુરોલોજીકલ કંડિશન જેવી કે પેરાલિસિસ જેવા દર્દીઓ માટે ભારતમાં સૌપ્રથમ Aquatic Therapy દ્વારા પાણીમાં ઉચ્ચતમ સારવાર.

YouTube ઉપર 'Asian Physiotherapy & Research Institute' ચેનલ ઉપર Treatment Results જોઈ શકાય છે.

"રોડ એક્સિડન્ટને કારણે મારી આખી જિંદગી વ્હીલચેરમાં જ પસાર કરવી પડશે. મારી આ સમજને ડો. સાગર નાયકે ખોટી ઠેરવી. તેમના સેન્ટરમાં રહીને દિવસની ૬થી ૮ કલાકની ફિઝિયો સારવાર લીધી છે, જેને પરિણામે આજે હું ફરી મારા પગ ઉપર ઊભો થઈને નોકરી કરવા સક્ષમ બન્યો છું."

**યોગેશભાઈ રમણલાલ દેસાઈ**
(ધમડાચી, વલસાડ)

સ્પાઇનલકોર્ડ ઇન્જરી, પેરાલિસિસ, સ્ટ્રોક તથા જોઈન્ટ રીપ્લેસમેન્ટ (TKR અને THR) પછીનું રિહેબિલીટેશન માટે દર્દીઓને લાવવા-લઈ જવામાં મુશ્કેલી પડતી હોવાથી Vigorous Training થતી નથી. પરંતુ, આ સેન્ટરમાં આવા દર્દીઓને રહેવાની સગવડ પણ ઉપલબ્ધ છે.

**અમેરિકાથી 5 વર્ષની તાલીમ લઇને આવેલા ડો. સાગર નાયકની લીડરશીપમાં અતિ આધુનિક મશીનરી અને ન્યૂરોપ્લાસ્ટિસીટીના કોન્સેપ્ટમાં ટ્રેઈન્ડ 60થી વધુ ફિઝિયોથેરાપી ડોક્ટર્સની ટીમ**




**ડો. સાગર નાયક**
PT., M.S. (USA)

**ડો. કિના નાયક**
PT.

Asian™
PHYSIOTHERAPY
& RESEARCH INSTITUTE
*The Science of Hope & Freedom*

**દર્દીઓ માટે સેન્ટર પર જ રહેવાની વ્યવસ્થા**

ઈન્ડિયન બેંક પાસે, વૃંદાવન રો હાઉસની બાજુમાં, ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ, અડાજણ, સુરત-9, ગુજરાત (ભારત) Ph.: 8128777555, 98790 92555

# શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ–અનાવલ
# દાન અંગેની જાહેર અપીલ

શ્રી શુક્લેશ્વર મહાદેવ મંડળ અનાવલ ખાતે આવેલ મકાનો જેવા કે ઓફિસ, ટ્રસ્ટીઆવાસ (બર્માભુવન), સેમીરૂમો, વી.આઈ.પી. રૂમો, ગાંડામહારાજ હોલ, કેન્ટીન, ગોડાઉન, રસોડુ, ધ્યાનકુટિર તથા પાણીની ટાંકી વગેરેની દુરસ્તી તથા રંગ કામ કરવાનું જરૂરી છે. જેનો અંદાજિત ખર્ચ રૂપિયા ૪૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાલીસ લાખ) થાય છે.

આપ સૌ અનાવિલો આ ઉમદા કાર્યમાં ઉદાર હાથે આર્થિક સહયોગ આપશો એવી હમારી નમ્ર વિનંતી છે. શ્રી શુકલેશ્વરદાદાના આશીર્વાદ આપ સૌ ઉપર સદા રહે એવી અભ્યર્થના.

રૂપિયા ૨૫,૦૦૧/– થી રૂપિયા ૫૦,૦૦૦/– સુધીના દાન આપનાર દાતાઓના નામ ની સામૂહિક નામાવલી કારોબારી સમિતિએ નક્કી કરેલ જગ્યાએ અને નીતી નિયમોને આધીન લગાવવામાં આવશે.

રૂપિયા ૫૧,૦૦૧/– કે તેથી વધુ રકમના દાન આપનાર દાતાઓની વ્યકિતગત તકતી કારોબારી સમિતિએ નક્કી કરેલ જગ્યાએ અને નીતી નિયમોને આધીન લગાવવામાં આવશે.

આ અંગે વધુ માહિતી માટે સંસ્થાના પદાધિકારીઓનો સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.

ટ્રસ્ટીશ્રી/પ્રમુખશ્રી/મંત્રીશ્રી અને કારોબારી સભ્યો
શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ, અનાવલ

# શ્રી બૃહદ અનાવિલ સમાજ, નવસારી

# તેજસ્વિતા અભિવાદન

તા. ૩૦-૦૯-૨૦૧૮, રવિવાર, બપોરે ૨-૩૦ કલાકે
સ્થળઃ રામજી મંદિર, રોટરી આઈ હોસ્પિટલ પાસે, નવસારી

**સૌ અનાવિલ ભાઈ-બહેનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે**

કાર્યક્રમને અંતે ભોજન વ્યવસ્થા રાખેલ છે.

## તેજસ્વિતા અભિવાદન ૨૦૧૮ માટે નમૂના મુજબ અરજીઓ મંગાવવામાં આવે છે.

### સ્વીકારાયેલ માપદંડો ૨૦૧૮

| | |
|---|---|
| એસ.એસ.સી. | - ૮૫ કે તેથી વધુ ટકા |
| એચ.એસ.સી. | - ૭૫ કે તેથી વધુ ટકા |
| ડિપ્લોમા | - પ્રથમ વર્ગ |
| સ્નાતક | - કોઈપણ ફેકલ્ટી **પ્રથમ વર્ગ** |
| અનુસ્નાતક | - કોઈપણ ફેકલ્ટી **પ્રથમ વર્ગ** |

**સી.એ., પીએચ.ડી., એમ.ફીલ., એમ.બી.બી.એસ., એમ.ડી. પદવી પ્રાપ્ત કરનાર તમામ તારલાઓ અભિવાદન પાત્ર છે.**

મળેલ અરજીમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર **પ્રથમ** અને **બીજા** ક્રમને **રજત ચંદ્રકો એનાયત થશે.** અન્યને અભિવાદન પત્ર એનાયત થશે.
**ઈત્તર પ્રવૃત્તિઃ રાજ્યકક્ષા ૧ થી ૩ ક્રમાંકે વિજેતા. સરકાર માન્ય કે આયોજિત સ્પર્ધા કે પરીક્ષાઓ.**
**ગુણપત્રકની (જાતે પ્રમાણિત કરેલ)ઝેરોક્ષ આપવી.**

**અરજી સ્વીકાર : છેલ્લી તારીખ તા. ૨૦-૦૯-૨૦૧૮**

:: અરજી નીચેના સરનામા પર મોકલવી ::

**શ્રી પ્રશાંત બી. દેસાઈ**
**ઓટો બેટરી સેન્ટર,**
**૭, પવન એપાર્ટમેન્ટ, ગ્રીડ રોડ,**
**કાલિયાવાડી, નવસારી**

**અરજી નમૂનો** — **શ્રી બૃહદ અનાવિલ સમાજ, નવસારી ● તેજસ્વિતા અભિવાદન ૨૦૧૮**

નામઃ
સરનામુંઃ પીન કોડ નંબરઃ
સંપર્ક નંબર, મોબાઈલઃ લેન્ડ લાઈનઃ
પરીક્ષાઃ
યુનિવર્સિટી - બોર્ડઃ ટકા
પ્રથમ, દ્વિતીય કે પાસ વર્ગઃ
વિશેષ યોગ્યતાઃ
વધુ અભ્યાસાર્થે ક્યાં પ્રવેશ મેળવ્યો છે
ઈત્તર પ્રવૃત્તિમાં સિદ્ધિ હોય તો તે જણાવવી વિદ્યાર્થીની સહી
શ્રી બૃહદ અનાવિલ સમાજના સભ્ય : પોતે/ માતા /પિતા નામઃ

**શ્રી બૃહદ અનાવિલ સમાજના આપ-માતા-પિતા કે પરિવારમાં કોઈપણ સભ્ય છો ? ન હોય તો...આજેજ થઈ જાવ.**

| | | | |
|---|---|---|---|
| પ્રમુખ<br>**મુકેશ ઈશ્વરલાલ નાયક**<br>૯૮૨૫૦-૪૫૧૧૫ | પ્રથમ ઉપપ્રમુખ<br>**નિમેષ સુરેશભાઈ નાયક**<br>૮૮૬૬૨-૨૭૭૭૫ | દ્વિતીય ઉપપ્રમુખ<br>**છાયાબેન કૌશીકકુમાર દેસાઈ**<br>૯૭૨૪૭-૯૭૯૨૧ | માનદ્ મંત્રી<br>**પ્રશાંત બલ્લુભાઈ દેસાઈ**<br>૯૮૨૪૪-૦૭૯૫૧ |
| પ્રથમ સહમંત્રી<br>**ધર્મેશ જયંતીલાલ નાયક**<br>૯૩૨૭૮-૫૧૦૫૧ (PRINTOP) | દ્વિતીય સહમંત્રી<br>**દેવયાની ભાવિન નાયક**<br>૯૯૨૪૨-૦૭૯૧૦ | સંગઠન મંત્રી<br>**જીજ્ઞેશ નવિનચંદ્ર નાયક**<br>૯૮૭૯૭-૭૨૧૧૨ | ખજાનચી<br>**શરદભાઈ છોટાલાલ દેસાઈ**<br>૯૨૨૭૮-૨૫૯૨૧ |

**શ્રી બૃહદ અનાવિલ સમાજના સભ્ય થવા સંસ્થાના હોદ્દેદારોનો સંપર્ક કરવો. સભ્ય બનતી વખતે સંપૂર્ણ વિગતે નીયત ફોર્મ સાથે સભ્ય ફી ભરી, તેની રસીદ મેળવી લેવી. રસીદ વિના સભ્યપદ માન્ય રહેશે નહિં તેમજ તે અંગે સંસ્થા જવાબદાર રહેશે નહિં.**

# શ્રી અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ, નવસારી

(ટ્રસ્ટ રજી. નં. ઈ-૧૫૨૫-વલસાડ)

શ્રી રતનજી દુર્લભભાઈ પટેલ અનાવિલ સંસ્કાર ભવન

'સ્વપ્નલોક', કાલીયાવાડી પૂલ પાસે, નવસારી.

PHONE: 99248 91872, 02637-254034

www.anavilsanskartrust.org anavilsanskartrust@gmail.com

## શ્રી અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ ની પ્રવૃતિઓ

- અનાવિલ મહિલા ગૃહ ઉદ્યોગ
- અનાવિલ અતિથિ ગૃહ
- અનાવિલ ઉદ્યોગ વિકાસ
- રાહતદરે સેમીનાર હોલ અને કોન્ફરન્સ હોલ
- અનાવિલ વિધવા સહાય
- અનાવિલ તબીબી સહાય
- અનાવિલ મેળો – વાનગી મેળો
- અનાવિલ ગરબા સ્પર્ધા, ભજન સ્પર્ધા, લગ્નગીત સ્પર્ધા, ખાયણા સ્પર્ધા, અંતાક્ષરી સ્પર્ધા
- અનાવિલ મહિલા સહાયક શિક્ષણ
  કુકીંગ ક્લાસ, કોમ્પ્યુટર ક્લાસ, સ્પોકન ઈંગ્લીશ ક્લાસ
- અનાવિલ બાળ વિકાસ પ્રવૃતિઓ
  બાળ વાર્તા, દાદીમાં ની વાર્તા, કહેવત વિશ્વ, વકતૃત્વ, ક્વીઝ, લીડરશીપ કેમ્પ, ચિત્રકામ, મહેંદી, ફેન્સી ડ્રેસ, અલુણા સ્પર્ધા, બાળ રમતો
- સાદાઈ થી લગ્ન અને બેસણા માટે વિનામૂલ્યે હોલ

### હોદેદારો

શ્રી મહાદેવભાઈ આર. દેસાઈ - પ્રમુખ
શ્રી હાર્દિક આર. નાયક - મંત્રી
શ્રી ગીરીશભાઈ એચ. દેસાઈ - ઉપપ્રમુખ
શ્રી પ્રકાશભાઈ આઈ. દેસાઈ - સહમંત્રી
શ્રીમતિ ગીતાબેન એન. નાયક - કોષાધ્યક્ષ

### સૌજન્ય દાતાશ્રીઓ

શ્રી ધીરુભાઈ ગુલાબભાઇ મહેતા - અતિથિ ભવન
શ્રી ડો. રતિલાલ ગોપાળજી દેસાઈ - સભાગૃહ
શ્રીમતિ લીલાવતીબેન અને શ્રી છોટુભાઈ ભીમભાઇ દેસાઈ - શૈક્ષણિક પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રીમતિ બટુબેન અને શ્રી જસવંતરાય હરરાય દેસાઈ - મહિલા પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રી અજિતરાય ભીમભાઇ દેસાઈ - યુવા પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રીમતિ રમણકાન્તાબેન અજિતરાય દેસાઈ - બાલ પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રીમતિ ઇચ્છાબેન ભગવાનજી વશી - તબીબી સહાય કેન્દ્ર
શ્રી રમેશચંદ્ર ભીખુભાઈ દેસાઈ (દાંડીવાલા) - ભોજનખંડ
શ્રી બી. એન. દેસાઈ (દાંડીવાલા) - સેમિનાર હોલ



## -: અભિનંદન :-



**ડૉ. ધવલ નાયક**
M.Sc., M. Phil., Ph.D.

ગામ કછોલીના શ્રીમતિ નીલાબેન તથા શ્રી જીતેન્દ્રભાઈ ખંડુભાઈ નાયકના સુપુત્ર ડૉ. ધવલની નવી દિલ્હી સ્થિત દેશની પ્રતિષ્ઠિત લેબોરેટરી અક્રેડિટેશન સંસ્થા National Accreditation Board for Testing and Calibration Laboratories (NABL) દ્વારા Technical Assessor (ઓડિટર) તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ સંસ્થાની સ્થાપના Department of Science and Technology, Govt. of India દ્વારા કરવામાં આવી હતી અને હાલ આ સંસ્થા Quality Council of India ના નેજા હેઠળ દેશ વિદેશની લેબોરેટરીઓને અક્રેડિટેશન (માન્યતા) આપવાનું કામ કરે છે.

ડૉ. ધવલને આ સિદ્ધિ મેળવવા બદલ સમગ્ર પરિવાર તથા સ્નેહીજનો હાર્દિક શુભકામના પાઠવે છે અને આ જ રીતે આગળ પ્રગતિ કરતા રહે એવી શુભેચ્છા વ્યકત કરે છે.

**-: શુભેચ્છા સહ :-**

જીતેન્દ્રભાઈ ખંડુભાઈ નાયક
સ્વ. હર્ષદરાય બળવંતરાય મહેતા
ચિ. હેત્વી ધવલભાઈ નાયક
તેજસ જીતેન્દ્રભાઈ નાયક
નીલાબેન જીતેન્દ્રભાઈ નાયક
ગં.સ્વ. મીરાબેન હર્ષદરાય મહેતા
મિતલ ધવલભાઈ નાયક
ડિમ્પલ તેજસ નાયક
ચિ. સ્નેહ તેજસભાઈ નાયક
રક્ષેસ કિરીટભાઈ દેસાઈ
શીતલ કિરીટભાઈ દેસાઈ

તથા સ્વ. ખંડુભાઈ ડાહ્યાભાઈ તોલાટ પરિવાર, તોલાટ ફળિયુ, કછોલી. મો. ૯૩૨૮૯ ૮૪૭૬૪

ANAVAL OFFICE 7934 SEPT. 2018

## લગ્નવિષયક

નામ :
જન્મ તારીખ : સમય : જન્મ સ્થળ :
કુંડળી : ઉંચાઈ :
અભ્યાસ :
વ્યવસાય :
પિતાનું નામ :
માતાનું નામ :
ભાઈ / બહેન :
રહેઠાણ : કોઈ પણ એક સરનામું
વતન :
મોસાળ :
ઈ-મેઈલ : કોઈ પણ એક ઈ-મેઈલ એડ્રેસ
સંપર્ક : કોઈ પણ નજીકના જ ૬ (છ) સંપર્ક નામ, ફોન નંબર આપવા
નોંધ :

**લગ્નવિષયક ફોરમેટ આ માળખા મુજબ જ ફકત ગુજરાતીમાં જ સ્વીકારવામાં આવશે.**

**નોંધ : (૧) પોતાની જમીન બાબતે (ફ્લેટ નહિ). (૨) વિદેશથી આગમન - ચોક્કસ ફેકટલ્ટી પસંદગી. કોમ્પ્યુટર પ્રિન્ટ બે નકલ - આખા પાનામાં - ગુજરાતીમાં જ જા×ખ આપી શકાય. આ સિવાયની બીન જરૂરી વિગતો દૂર થશે.**

છાયા તો વડલા જેવી, ભાવ તો નંદના સમ, દેવોનાં ધામનાં જેવુ હૈડું, જાણે હિમાલય...





જન્મ : ૨૭-૧૧-૧૯૨૪
પલસાણા

અનંતયાત્રા : ૨૭-૦૬-૨૦૧૮
નવસારી

## સ્વ. ઈન્દુમતિ રમણલાલ દેસાઈ

અમારાં માતા ઈન્દુબેનનું પિયર નાની મહેતવાડ, વલસાડ હતું. તેમનાં પિતા સ્વ. નાનુભાઈ કલકતામાં સ્થાયી હતા. જે જમાનામાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ નહિંવત્ હતું. તે સમયે એમણે મુંબઈની કિંગ જર્યોજ હાઈસ્કૂલમાંથી મેટ્રિકયુલેશન કર્યુ હતું.

પૂ. ઈન્દુબા સ્વભાવે માયાળુ, નિખાલસ, હસમુખા, ધાર્મિકવૃત્તિનાં અને ભકિતમાં રસ ધરાવતાં હતાં. તેઓએ અમારામાં વિનમ્રતા, પ્રામાણિકતા, સ્વાવલંબન અને પરિશ્રમ જેવાં સદ્ગુણોનું સિંચન કર્યુ હતું. તેઓ જૈફ વયે પણ પોતાની શારીરિક તથા માનસિક સ્ફૂર્તિ અને વાંચનમાં શોખને કારણે સાંપ્રત સમયનાં વિવિધ પાસાઓની પરિસ્થિતીથી માહિતીગાર હતાં અને વિવિધ વિષયોની છણાવટ ખૂબીપૂર્વક કરતાં હતાં.

પરમ પૂજય શ્રી રંગ અવધૂત મહારાજ પ્રતિ અપૂર્વ શ્રધ્ધા અને ભકિતભાવ તથા પૂ. બાપુજી દ્વારા રચાયેલા ગ્રંથોનું વાંચન અને તેને જીવનમાં ઉતારવાનું ધ્યેય હંમેશા તેમના જીવનનું લક્ષ્ય રહ્યુ હતું. પૂ. બાપજીની ભકિતથી રંગાયેલું એમનું જીવન ઉદાહરણ સ્વરૂપ હતું. કુટુંબના દરેક સભ્ય પ્રત્યેની લાગણી અને એમનાં પ્રેમાળ વર્તનથી અમારાં સૌ આપ્તજનોમાં માનવતા, પ્રામાણિકતા અને અથાગ પરિશ્રમનાં ઉમદા ગુણોનું સિંચન થયું હતું.

૯૪ વર્ષ સુધી સ્વસ્થતા પૂર્વક પ્રેમભાવથી ત્રણ પુત્રો, પુત્રવધૂઓ, પૌત્રો-પૌત્રીઓનાં વિશાળ વટવૃક્ષ સાથે રહી, પ્રસન્ન અને શ્રી અવધૂત મહારાજ પ્રત્યે એકાગ્ર ચિત્ત રહી શ્રી રંગશરણે નિર્વાણ પામ્યા છે.

પરમકૃપાળી પરમાત્મા, વિશ્વ સદ્ગુરૂશ્રી દત્તાત્રય, ગુરૂ મહારાજ શ્રી રંગ અવધૂત મહારાજ સદ્ગત પૂ. ઈન્દુબાને શાશ્વત શાંતિ, સદ્ગતિ પ્રદાન કરે એવી પરમકૃપાળુ પરમાત્માને નમ્ર પાર્થના...

## શોકાતુર પરિવાર

સ્વ. રમણલાલ ગુલાબભાઈ દેસાઈ પરિવાર

નિરંજન રમણલાલ દેસાઈ (પુત્ર)
મો. ૯૭૨૪૬ ૭૭૧૪૬

નયના નિરંજન દેસાઈ (પુત્રવધૂ)

ડૉ. પ્રફુલ રમણલાલ દેસાઈ (પુત્ર)
મો. ૯૮૨૪૧ ૯૦૫૫૫

ડૉ. પ્રીતિ પ્રફુલ દેસાઈ (પુત્રવધૂ)

બકુલેશ રમણલાલ દેસાઈ (પુત્ર)
સિડની, ઓસ્ટ્રેલિયા
મો. +૬૧ ૪૧૩ ૩૮૯ ૩૭૧

છાયા બકુલેશ દેસાઈ (પુત્રવધૂ)

રવિન, ડૉ. સિધ્ધાર્થ, સોનાલી, રાહુલ
(પૌત્રો-પૌત્રી)

"શ્રી રંગ વિશ્વ," અજીત સોસાયટી, નાગતલાવડી, નવસારી.

# ભાવભીની શ્રધ્ધાંજલિ



## સ્વ. મધુબેન અમૃતલાલ નાયક

જન્મ : ૩૧-૦૭-૧૯૩૨ મોક્ષ : ૨૧-૦૫-૨૦૧૮

જીવન અને મૃત્યુ શાશ્વત છે. ફુલ ભલે છોડ (કુટુંબ) પરથી કરમાઈ જાય. પરંતુ તેની મહેક તો હંમેશા રહે. સુરતના શાયરે સાચુ જ લખ્યુ છે "જીંદગીનો એજ તો સાચેસાચ પડઘો છે "ગની" હોય ના વ્યકિતને એનું નામ બોલાયા કરે." એજ પરમ કૃપાળુ પરમને પ્રાર્થના. શરણે આવેલ આત્માને પરમશાંતિ આપો. જેમણે અમારા કુટુંબમાં કેસરના કયારાનું વાવેતર કર્યુ બીજમાંથી લીલીવાડી બનાવી, સૌને કિલ્લોલ કરતાં મૂકી નીરવ શાંતિથી વિદાય થયા એવા મધુબેનના દિવ્ય આત્માને ઈશ્વરના ચરણોમાં સ્થાન મળે એવી અમારે ફરી ફરી પ્રાર્થના.

અમો છીએ નાયક પરિવારના પુષ્પો, વડવાઈઓ.

### હળ પળે સ્મરણ કરતા

અમૃતલાલ પરાગજી નાયક (પતિ)

| | |
|---|---|
| વિજયભાઈ અમૃતભાઈ દેસાઈ (પુત્ર) | જયોતિ વિજયભાઈ દેસાઈ (પુત્રવધૂ) |
| જાગેશભાઈ અમૃતભાઈ દેસાઈ (પુત્ર) | મમતા જાગેશભાઈ દેસાઈ (પુત્રવધૂ) |
| વિનોદરાય મોહનલાલ નાયક (ભત્રીજા) | રેખાબેન મનહરભાઈ દેસાઈ (પુત્રી) નવસારી |
| પ્રવીણભાઈ મોહનલાલ નાયક (ભત્રીજા) | દક્ષાબેન ભરતભાઈ દેસાઈ (પુત્રી) ચેમ્બુર |
| હસુબેન પંકજભાઈ નાયક (ભત્રીજી) | જયોતિબેન હિતેશભાઈ દેસાઈ (પુત્રી) સુરત |
| યક્ષ જાગેશભાઈ દેસાઈ (પૌત્ર) | બીનાબેન ઉમેશભાઈ મહેતા (પુત્રી) અમલસાડ |
| હાર્દિક વિજયભાઈ દેસાઈ (પૌત્ર) | પ્રિયલ હાર્દિક દેસાઈ (પૌત્રવધૂ) |
| અર્પિત વિજયભાઈ દેસાઈ (પૌત્ર) | પ્રાચી અર્પિત દેસાઈ (પૌત્રવધૂ) |
| વિહાના હાર્દિક દેસાઈ (પ્રપૌત્રી) | યુવેન અર્પિત દેસાઈ (પ્રપૌત્ર) |

ગામ ડાંભર, તા. નવસારી હાલ અડાજણ, સુરત.

# અભિનંદન



## ચિ. કલ્પ દેસાઈ

સાલેજ હાલ અમદાવાદ નિવાસી શ્રી નૈલેશ રણછોડજી દેસાઈ તથા શ્રીમતિ હીના નૈલેશ દેસાઈના સુપુત્ર ચિ. કલ્પ અમેરિકાના કેનેટીકટ સ્ટેટની બ્રીજપોર્ટ યુનિવર્સિટીમાંથી માસ્ટર ઓફ સાયન્સ ઈન મિકેનિકલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી હાલ Ammneal Pharmaceuticals કંપની, ન્યૂ જર્સીમાં પ્રોજેક્ટ એન્જિનિયર તરીકેની પરમેનન્ટ જોબ કરે છે અને હાલ H1B વિઝા ધરાવે છે.

કલ્પને આ સિધ્ધિ બદલ સમગ્ર પરિવાર તથા સ્નેહીજનો તરફથી ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છા. તે તેના ક્ષેત્રમાં વધુને વધુ પ્રગતિ કરે અને આજ રીતે જીવનપથ પર હરહંમેશ સફળતાના સોપાન સર કરે એ જ શુભકામના...

**:: શુભેચ્છા સહ ::**

સ્વ. રણછોડજી ઝીણાભાઈ દેસાઈ (દાદા) સાલેજ હાલ અમદાવાદ તથા સમસ્ત પરિવાર

શ્રી ઠાકોરભાઈ રણછોડજી નાયક (આજાબાપા) કછોલી તથા સમસ્ત પરિવાર

સંપર્ક : નૈલેશ દેસાઈ - ૯૮૨૫૦ ૯૪૪૬૨

## અભિનંદન



**ચિ. ઋજુલ દેસાઈ**

ખંડુજી ટેકરા, વલસાડ હાલ વિલેપાર્લે, મુંબઈના શ્રી ભાસ્કર નવીનચંદ્ર દેસાઈ, ટેકસ કન્સલટંટ (નિવૃત્ત સ્ટેટ બેંક) તથા સ્વ. ચિત્રા ભાસ્કર દેસાઈ (વેસ્ટર્ન રેલ્વે)ની સુપુત્રી ચિ. ઋજુલે B. E. (IT) ની પદવી ડિસ્ટિંકશન સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી મેળવી અને Rochester Institute of Technology, NY માંથી MS (Information Science અને Technology) માં 3.7 / 4.0 સાથે પાસ થયા છે. ચિ. ઋજુલ હાલમાં Raymond Corp. Greene, NY માં Operations Research Analyst તરીકે કાર્યરત છે.

ચિ. ઋજુલ અભ્યાસ ઉપરાંત શાળા, કોલેજ અને ઘરની વિવિધ પ્રવૃત્તિઓમાં સતત કાર્યરત છે.

ચિ. ઋજુલ જીવનના દરેક ક્ષેત્રમાં ખૂબ-ખૂબ પ્રગતિ કરે અને કુટુંબ તથા સમાજનું ગૌરવ વધારે તેવી અનેક શુભેચ્છા સહ અભિનંદન અને આશીર્વાદ.

### :: આશીર્વાદ સહ ગૌરવ લેનાર પરિવારજનો::

સ્વ. કાંતાબેન તથા સ્વ. નવીનચંદ્ર બાપુભાઈ દેસાઈ (દાદી-દાદા)
ગં.સ્વ. પદમાબેન તથા ઠાકોરભાઈ નીછાભાઈ દેસાઈ (આજીબા-બાપા)
સ્વ. ચિત્રા તથા ભાસ્કર નવીનચંદ્ર દેસાઈ (માતા-પિતા)
સૌ. જાનકી તથા મિહિર ભાસ્કર દેસાઈ (ભાભી-ભાઈ) IN, USA
સૌ. નયનાબેન તથા કેતનભાઈ દેસાઈ (વેવાઈ) કાલિયાવાડી, નવસારી
સૌ. શિવાની તથા શૈલેષ દેસાઈ (કાકી-કાકા) લોખંડવાલા, મુંબઈ
સૌ. બિંદી તથા પંકજ દેસાઈ (કાકી-કાકા) કારેલીબાગ, વડોદરા
સૌ. ઈલા તથા કૌશિક દેસાઈ (ફુઈ-ફુવાજી) એટલાન્ટા, અમેરિકા
સૌ. લતા તથા અનિલ દેસાઈ (ફુઈ-ફુવાજી)
ગં.સ્વ. શોભના તથા સ્વ. પરેશ નાયક (ફુઈ-ફુવાજી)
સ્વ. મીના તથા સમીર દેસાઈ (ફુઈ-ફુવાજી)
સૌ. સોનલ તથા ચેતન દેસાઈ (મામી-મામા)
સૌ. છાયા તથા તુષાર દેસાઈ (મામી-મામા)

ફલેટ નં. ૬, ૩૦૩, સાધના બિલ્ડીંગ, એરોવ્યુ સોસાયટી, નંદાપાટકર રોડ, વિલેપાર્લે (ઈ), મુંબઈ.
મો. ૯૮૧૯૨ ૬૯૦૯૧, ૮૬૫૨૨ ૬૧૩૨૨ ઈ-મેઈલ : bhaskar_ndesai@yahoo.co.in

## સંસ્થા સમાચાર

**સંકલન - અનાવલ ઓફિસ**

### ● ''જય શુકલેશ્વર'' પ્રકાશનનાં નવા ગ્રાહકો :

| નંબર | નામ | ગામ | નંબર | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧૦૩૬૭ | નિમિષ સુમંતરાય દેસાઇ | વડોદરા | ૧૦૩૬૯ | જીતેન્દ્રભાઈ મોહનભાઈ નાયક | વડોદરા |
| ૧૦૩૬૮ | મહેશકુમાર ડી. નાયક | વાપી | | | |

### ● ''જય શુકલેશ્વર'' પ્રકાશન નિભાવ ફંડ

| રકમ | નામ | ગામ | ગ્રા.નં. |
|---|---|---|---|
| રૂા. ૧,૦૦૦/- | પિયુષકુમાર ગુણવંતરાય વશી | નવસારી | ૫૨૮૧ |

### ● રૂા. ૫,૦૦૦/- થી વધુ રકમના દાનો સાભાર સ્વીકાર

- ૫,૦૦૧/- જયંતિલાલ મગનલાલ દેસાઈ (વશિયરવાળા) મદનવાડ, વલસાડ હાલ સુરત તરફથી સ્વ. રમીલાબેન જયંતિલાલ દેસાઈના સ્મરણાર્થે તબીબી સહાય નિધિ અર્થે.

## અગત્યની નોંધ

**જય શુકલેશ્વર માસિક માટેના કોઈ પણ સમાચાર જેવા કે જન્મ, યજ્ઞોપવિત, શુભલગ્ન, પ્રકીર્ણ, અવસાન (મૂળ વતન, હાલ કયાં રહો છો, આખુ નામ અટક સાથે ઉંમર, તારીખની વિગતો સંપૂર્ણ હોવી જરૂરી છે.) વગેરે જય શુકલેશ્વરમાં છપાય છે તે મુજબ ફકત અને ફકત A-4 પેપરમાં જ ટાઈપ કરેલ માહિતીને જ સ્થાન આપવામાં આવશે. મિત્રો... પ્રેસની કામગીરીમાં સહયોગ આપવા વિનંતી... જેથી ભૂલો નિવારી શકાય.**

**અગત્યનું :– ૧)** અંકો ટપાલમાં રવાના કર્યા પછી અંકો પહોંચાડવાની ફરજ ટપાલ ખાતાની છે. તેમ છતાં અંકો ન મળવાની જાણ જે તે માસ ની **૨૫મી તારીખ પછી ગ્રાહક નંબર** સાથે પત્રદ્વારા જ કરવી. આ બાબતે ફોન કરવો હિતાવહ નથી. **૨) તમો જે લેખ જય શુકલેશ્વરમાં પ્રિન્ટિંગ માટે આપો છો તે કોમ્પ્યુટર પર ટાઈપ કરી A4 પેપર પર સેટ કરી મોકલવું હિતાવહ છે.**

તા. ૧૭-૦૭-૨૦૧૮ કેનેડા મુકામે.

- સંદલપુર હાલ પાલ, સુરતના શ્રી અમિતભાઈના પિતાશ્રી સુરેન્દ્રભાઈ (બાબા સાહેબ) દયાળજી દેસાઈ (નિવૃત્ત, એ.ટી.એસ. જી.એસ.આર.ટી.સી.) નું ઉ.વ. ૮૨, તા. ૨૦-૦૭-૨૦૧૮.
- રોલા (ડુંગરી) હાલ દેવસર, બિલીમોરાના શ્રી કેવલ્ય, શ્રી મનિષ તથા શ્રી સિધ્ધાર્થના દાદી ગં.સ્વ. કુસુમ (રૂક્ષ્મણિ)બેન દોલતરાય દેસાઈનું ઉ.વ. **૧૦૫**, તા. ૨૧-૦૭-૨૦૧૮.
- રામજી ટેકરા, વલસાડના શ્રી જીજ્ઞેશભાઈના માતૃશ્રી ગં.સ્વ. સાવિત્રીબેન બાબુભાઈ દેસાઈનું ઉ.વ. ૬૮, તા. ૨૫-૦૭-૨૦૧૮.
- તલિયારા હાલ અમલસાડના શ્રી દેવાંગભાઈના દાદી ગં.સ્વ. લલિતાબેન ઠાકોરભાઈ નાયકનું ઉ.વ. ૯૦, તા. ૨૫-૦૭-૨૦૧૮.
- કાલિયાવાડી હાલ નવાપુર, મહારાષ્ટ્રના જીજ્ઞાસુભાઈ (કેનેડા)ના માતૃશ્રી ગં.સ્વ. ઉર્મિલાબેન અમૃતલાલ દેસાઈનું ઉ.વ. ૮૭, તા. ૨૫-૦૭-૨૦૧૮.
- ધમડાછા હાલ બાબેન, બારડોલીના શ્રી ગિરીશભાઈના માતૃશ્રી ગં.સ્વ. ઈન્દુબેન ભીખુભાઈ વશીનું ઉ.વ. ૯૩, તા. ૨૬-૦૭-૨૦૧૮.
- વેગામના શ્રી જીજ્ઞેશભાઈના પિતાશ્રી ભીખુભાઈ મગનલાલ નાયક (નિવૃત્ત આર.એફ.ઓ.)નું ઉ.વ. ૭૬, તા. ૨૮-૦૭-૨૦૧૮.
- વાવ હાલ સુરતના શ્રી રમેશચંદ્ર બળવંતરાય દેસાઈ (નિવૃત્ત કસ્ટમ એન્ડ એકસાઈઝ ડિપાર્ટમેન્ટ)ના ધર્મપત્ની અ.સૌ. આશા (પદમા)બેનનું ઉ.વ. ૭૬, તા. ૨૮-૦૭-૨૦૧૮.
- મોટા વરાછા હાલ પીપલોદ, સુરતના શ્રીમતિ અરૂણાબેનના પતિશ્રી પરમાનંદ(ભીખુ)ભાઈ લાલભાઈ નાયકનું ઉ.વ. ૮૫, તા. ૨૮-૦૭-૨૦૧૮.
- સોનવાડી હાલ બોરીવલી, મુંબઈના શ્રી સુશીલભાઈના પિતાશ્રી રમેશચંદ્ર ખંડુભાઈ નાયક (Ex. Dy. Assessor & Collector)નું ઉ.વ. ૭૯, તા. ૩૧-૦૭-૨૦૧૮.
- પોંસરા હાલ અમદાવાદના શ્રીમતિ હંસાબેનના પતિશ્રી ઈશ્વરલાલ મગનલાલ નાયકનું ઉ.વ. ૯૧, તા. ૦૩-૦૮-૨૦૧૮.
- ઉંભેળ, તા. કામરેજના શ્રી ભરતભાઈ તથા શ્રી ગિરીશભાઈના માતૃશ્રી ગં.સ્વ. ચંદનબેન બાબુ(અમૃત)ભાઈ દેસાઈનું ઉ.વ. ૮૨, તા. ૦૪-૦૮-૨૦૧૮.
- આશાબાગ, નવસારીના શ્રીમતિ ઉમાબેન દીપકકુમાર દેસાઈનું ઉ.વ. ૬૪, તા. ૧૯-૦૭-૨૦૧૮.
- આશાબાગ, નવસારીના શ્રીમતિ ઉષાબેન ઈશ્વરલાલ દેસાઈનું ઉ.વ. ૮૪, તા. ૨૬-૦૭-૨૦૧૮.

**સૌને શ્રધ્ધાસુમન......**

# અવસાન

નીચેના જ્ઞાતિજનોના અવસાનની નોંધ લેતાં ખેદ થાય છે.
પ્રભુ એ સર્વના આત્માને ચિર શાંતિ આપો.

- 

  યજ્ઞદાતા

  ખરોલી હાલ વડોદરાના શ્રી કિરણભાઈ, શ્રી પ્રકાશભાઈ (ઓસ્ટ્રેલિયા), ડૉ. અજયભાઈ (સુરત) તથા ગં.સ્વ. ઈલાબેન ગુણવંતરાય દેસાઈ (સુરત)ના માતૃશ્રી ગં.સ્વ. વીરમતિબેન છગનલાલ દેસાઈનું ઉ.વ. ૯૦, તા. ૦૫-૦૮-૨૦૧૮
- પલસાણા હાલ વડોદરાના શ્રી સલિલભાઈના માતૃશ્રી ગં.સ્વ. સરયુબેન જયંતભાઈ દેસાઈનું ઉ.વ. ૮૬, તા. ૦૧-૦૮-૨૦૧૮.
- વાવ હાલ વડોદરાના શ્રી જેયુલભાઈના માતૃશ્રી ગં.સ્વ. ઈન્દિરાબેન રમણલાલ દેસાઈનું ઉ.વ. ૮૭, તા. ૦૬-૦૮-૨૦૧૮.
- જલાલપોર હાલ અમેરિકાના શ્રી ભીષ્મકુમાર કાળીદાસ દેસાઈના ધર્મપત્ની અ.સૌ. મીનાક્ષિબેનનું ઉ.વ. ૭૧, તા. ૦૭-૦૭-૨૦૧૮.
- તલિયારા, તા. ગણદેવીના શ્રી પાર્થના પિતાશ્રી જીતેન્દ્રકુમાર સુમંતરાય દેસાઈ (નિવૃત્ત શિક્ષક, બાઈ આવાબાઈ હાઈસ્કૂલ, વલસાડ)નું ઉ.વ. ૬૬, તા. ૦૮-૦૭-૨૦૧૮.
- સરોધી હાલ વલસાડના શ્રી હર્ષના પિતાશ્રી દિનેશચંદ્ર (મહાદેવ) ઈશ્વરલાલ દેસાઈનું ઉ.વ. ૬૨, તા. ૧૧-૦૭-૨૦૧૮.
- દેગામ હાલ અતુલ, વલસાડના શ્રી નિશાંતના પિતાશ્રી મુકેશભાઈ બાપુભાઈ દેસાઈ (નિવૃત્ત, સાયનામાઈડ)નું ઉ.વ. ૬૬, તા. ૧૧-૦૭-૨૦૧૮.
- પલસાણા, જી. સુરતના શ્રી રવિભાઈના પિતાશ્રી રમણભાઈ દયાળજી દેસાઈનું ઉ.વ. ૮૦, તા. ૧૨-૦૭-૨૦૧૮.
- માણેકપુર, તા. ગણદેવીના શ્રીમતિ મંજુલાબેનના પતિશ્રી સુરેશચંદ્ર (જયોતિન્દ્ર) ડાહ્યાભાઈ નાયકનું ઉ.વ. ૭૪, તા. ૧૩-૦૭-૨૦૧૮.
- ઊંટડી હાલ વલસાડના શ્રી ધર્મિનભાઈના પિતાશ્રી ડૉ. હરેન્દ્રભાઈ મદનજીત દેસાઈનું ઉ.વ. ૮૪, તા. ૧૫-૦૭-૨૦૧૮.
- કોસમાડા હાલ સુરતના શ્રી સનતકુમાર રમણલાલ દેસાઈના ધર્મપત્ની અ.સૌ. જાગૃતિબેનનું ઉ.વ. ૬૩, તા. ૧૬-૦૭-૨૦૧૮.
- અમલસાડના શ્રીમતિ પ્રીતિબેનના પતિશ્રી નેવિલભાઈ સુરેશચંદ્ર દેસાઈનું ઉ.વ. ૫૦, તા. ૧૭-૦૭-૨૦૧૮.
- છીણમ, મરોલી હાલ કેનેડાના શ્રી વસનજી જીવણજી નાયકના પુત્ર શ્રી હસમુખભાઈનું ઉ.વ. ૭૫,

# તેજસ્વી તારલા ★★★★★★

S.S.C., H.S.C. **ના પરિણામો.**

આ પરિણામો જાહેર થયા છે. જય શુકલેશ્વર માસિકમાં વિનામૂલ્યે પ્રકીર્ણ વિભાગમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. મૂળગામ હાલ કયાં રહો છો માતા તથા પિતાનું પુરૂ નામ લખી ગુણપત્રકની સ્વપ્રમાણિત ઝેરોક્ષ અવશ્ય મોકલવી. ૧૦૦ માંથી ૧૦૦ ગુણ જે વિષયમાં પ્રાપ્ત કર્યા હોય તે જણાવવું.

**ધોરણ ૧૨ (HSC) વિજ્ઞાન પ્રવાહ**

- લુસવાડા હાલ નવસારીના શ્રીમતિ મેઘનાબેન તથા શ્રી પ્રતીકભાઈ નટવરલાલ નાયકના પુત્ર વિદિત 81.08 %, 95.17 PR, B-1 ગ્રેડ

**ધોરણ ૧૨ (HSC) સામાન્ય પ્રવાહ**

- અજરાઈના શ્રી મિનેષભાઈ દોલતરાય મહેતાની પુત્રી રાજવી 74.13 %, 92.53 PR, B-1 ગ્રેડ

**ધોરણ ૧૦ (SSC)**

- અજરાઈના શ્રી ભાવિનભાઈ ગિરીશભાઈ મહેતાની પુત્રી દેવાંશી 92.83 %, 99.69 PR, A-1 ગ્રેડ
- દેલાડવાના શ્રીમતિ રાજુલબેન તથા શ્રી મયંકભાઈ જશવંતભાઈ દેસાઈની પુત્રી રાજવી 92.16 %, 99.59 PR, A-1 ગ્રેડ
- આટ હાલ નવસારીના શ્રીમતિ પરેશા તથા શ્રી પ્રશાંત વસંતરાય દેસાઈની પુત્રી દેવાંશી 99.78 PR, A-1 ગ્રેડ
- આટ હાલ નવસારીના શ્રીમતિ શીતલ તથા શ્રી વિમલભાઈ અમૃતભાઈ નાયકના પુત્ર પ્રથમ 99.33 PR, A-1 ગ્રેડ
- પલસાણા, નવસારીના શ્રીમતિ તૃપ્તિ તથા શ્રી મિતેશભાઈ બચુભાઈ નાયકની પુત્રી ખુશી 99.28 PR, A-1 ગ્રેડ
- એંધલ હાલ સુરતના શ્રીમતિ સેજલ તથા શ્રી ધર્મેશભાઈ ભૂપેન્દ્રભાઈ નાયકના પુત્ર પ્રથમ 96.36 PR, A-2 ગ્રેડ
- પરથાણ હાલ નવસારીના શ્રીમતિ કીર્તિબેન તથા શ્રી રાજેશભાઈ ઈશ્વરલાલ નાયકના પુત્ર જશ CBSE 95%, A ગ્રેડ

---

**માસિક શિવરાત્રી :** શ્રી શુકલેશ્વર તીર્થધામ, અનાવલે અધિક જેઠ વદ તેરસને તા. ૧૧-૦૭-૨૦૧૮ના બુધવારે શ્રી અજીતભાઈ પી. નાયક, નવસારીના યજમાનપદે પૂજન અર્ચન થયા. આરતી, મહાપ્રસાદ, થાળ અભિષેક ભકિતભાવથી શ્રી શુકલેશ્વરદાદાને ચરણે અર્પણ થયા.

# પ્રકીર્ણ

- પુણી હાલ કબીલપોર, નવસારીના શ્રીમતિ રેખાબેન પ્રકાશકુમાર દેસાઈ નગર પાલિકા હાઈસ્કૂલ, નવાસારીમાંથી શિક્ષિકા તરીકે ૩૩ વર્ષની નિષ્ઠાસભર સેવાબાદ વયમર્યાદાને કારણે તા. ૩૧-૦૫-૨૦૧૮નાં રોજ નિવૃત્ત થયા છે. નિરામય રહો.
- પુણી હાલ કબીલપોર, નવસારીના શ્રી પ્રકાશકુમાર ઈશ્વરલાલ દેસાઈ દેનાબેંક, કસ્બાપાર શાખામાંથી ૩૯ વર્ષની નિષ્ઠાસભર સેવાબાદ વયમર્યાદાને કારણે તા. ૩૦-૦૬-૨૦૧૮નાં રોજ નિવૃત્ત થયા છે. નિરામય રહો.
- સમરોલી, ચીખલી હાલ સુરતના શ્રીમતિ મનીષાબેન તથા શ્રી નીલેશભાઈ ગુણવંતરાય દેસાઈની પુત્રી શ્લેષા એ M.E. (Environment Engineer) ની પદવી SCET સુરતથી 8.69 CGPI સાથે મેળવી છે.
- વેસ્મા હાલ ધોળીકુવા (દિગેન્દ્રકુમાર)ના શ્રી કમલેશભાઈ પ્રમોદચંદ્ર દેસાઈ એલ.આઈ.સી. ચીખલી બ્રાંચમાંથી ડેવલપમેન્ટ ઓફિસર પદેથી ૩૫ વર્ષની નિષ્ઠાસભર સેવાબાદ વયમર્યાદાને કારણે તા. ૩૦-૦૬-૨૦૧૮ના રોજ નિવૃત્ત થયા છે. નિરામય રહો. વિદાય સમારંભમાં શ્રી પ્રમોદચંદ્ર દેસાઈએ મોટી ઉંમરે યુવાનોને બોધપાઠ લેવા ઘટે એવું પ્રવચન આપ્યુ હતું. એલ.આઈ.સી. એજન્ટ શ્રી નરેન્દ્ર ટી. દેસાઈએ શાલ સરપાવ કરી પુષ્પગુચ્છથી સન્માન કયુ હતું.
- પરથાણ, નવસારીના શ્રીમતિ કીર્તિ તથા શ્રી રાજેશકુમાર ઈશ્વરલાલ નાયકની પુત્રી ક્રિના એ B. Arch ની પદવી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.માંથી ડિસ્ટિંકશન સાથે મેળવી છે.
- આમરી હાલ કબીલપોર, નવસારીના પ્રા. શ્રીમતિ હેતલ તથા શ્રી રમેશ બળવંતરાય નાયકના પુત્ર આર્જવ એ B. Tech (ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન) ની પદવી નિરમા યુનિ., અમદાવાદથી ડિસ્ટિંકશન સાથે મેળવી અમેરિકા કેલિફોર્નિયા યુનિ.માં વધુ અભ્યાસ અર્થે પ્રવેશ મેળવ્યો છે.
- ઊંટડી હાલ નવસારીના શ્રી દેવાંગ વસંતરાય દેસાઈ TGB બેકરી એન્ડ કેફે (બેકરી પ્રોડકશન) ૨, રાજ એમ્પોરિયમ, લુન્સીકૂઈ, નવસારી ખાતે તા. ૦૮-૦૭-૨૦૧૮ના રોજ સ્વતંત્ર વ્યવસાયનો શુભારંભ કર્યો છે.
- પલસાણાના શ્રી મિતેશભાઈ બચુભાઈ નાયકની પલસાણા તાલુકા પંચાયતના પ્રમુખપદે વરણી થઈ છે.

**ગુરૂ પૂર્ણિમા :** શ્રી શુકલેશ્વર તીર્થધામ, અનાવલે અષાઢ સુદ પૂનમને તા. ૨૭-૦૭-૨૦૧૮ના શુક્રવારે કારોબારી સદસ્યશ્રી પંકજભાઈ ઠા. નાયક - સાલેજ તથા શ્રી પ્રમોદભાઈ મ. નાયક - અમલસાડના યજમાન પદે પૂજન અર્ચન થયા. દત્તબાવની, આરતી, પ્રસાદ, થાળ, અભિષેક ભકિતભાવથી શ્રી શુકલેશ્વરદાદા અને પૂજય ગાંડા મહારાજને ચરણે અર્પણ થયા.

# સમાચાર વિભાગ

સહસંપાદક

## જન્મ : 

- ચીખલી હાલ વડોદરાના શ્રીમતિ ગીતાબેન તથા શ્રી ગૌતમભાઈ દેવેન્દ્રભાઈ દેસાઈની પુત્રવધૂ ડૉ. પલક જીગર દેસાઈને પુત્ર તા. ૦૨-૦૭-૨૦૧૮... **જીયાંશ**
- ખરોલીના શ્રીમતિ રશ્મિબેન તથા શ્રી પ્રફુલ્લકુમાર રમણલાલ દેસાઈની પુત્રવધૂ અને સુરતના શ્રીમતિ જસ્મિનાબેન તથા શ્રી મુકેશભાઈ મોહનભાઈ દેસાઈની પુત્રી સૌ. કૃપા રવિ દેસાઈને પુત્ર તા. ૧૫-૦૪-૨૦૧૮... **દ્વિજ**
- પીપલધરાના શ્રીમતિ ઈલાબેન તથા શ્રી મુકેશભાઈ સુરેશચંદ્ર મહેતાની પુત્રવધૂ અને કનસાડ હાલ નવસારીના શ્રીમતિ ભાવનાબેન તથા શ્રી હર્ષભાઈ ચીમનભાઈ નાયકની પુત્રી સૌ. હેમાલી અર્પણ મહેતાને પુત્રી તા. ૨૮-૦૪-૨૦૧૮... **પ્રહલ**
- તોરણગામ, તા. ગણદેવીના શ્રીમતિ દક્ષાબેન તથા શ્રી હર્ષદભાઈ છોટુભાઈ નાયકની પુત્રવધૂ અને આમચક, મહુવાના શ્રીમતિ જયોત્સનાબેન તથા શ્રી પિયુષભાઈ ધીરૂભાઈ નાયકની પુત્રી સૌ. સેજલ (ગુલી) નીરવભાઈ નાયકને પુત્ર તા. ૦૪-૦૫-૨૦૧૮ અમેરિકા મુકામે... **શિવાય**
- કાલિયાવાડી હાલ વડોદરાના શ્રીમતિ પારૂલ શ્રી વિજય ગણપતરાય દેસાઈની પુત્રવધૂ અને વેસ્માના શ્રીમતિ કરૂણાબેન તથા શ્રી અનિલભાઈ અમૃતલાલ દેસાઈની પુત્રી સૌ. અંકિતા અંકિતકુમાર દેસાઈને પુત્ર તા. ૧૭-૦૫-૨૦૧૮... **વિવાન**
- કછોલી, તા. ગણદેવીના શ્રીમતિ મીના તથા શ્રી નરેન્દ્ર નાનુભાઈ વશીની પુત્રવધૂ અને ઊંટડી હાલ વાવના શ્રીમતિ દક્ષા તથા શ્રી કિરીટભાઈ ગોપાળજી દેસાઈની પુત્રી સૌ. ભ્રાન્તિ કેયૂર વશીને પુત્ર તા. ૧૧-૦૭-૨૦૧૮ યુ. કે. મુકામે... **વેદ**
- વેસ્મા હાલ નવસારીના શ્રીમતિ બીના તથા પ્રા. રાજેન્દ્ર ઠાકોરભાઈ વશીની પુત્રવધૂ અને અમલસાડ હાલ સુરતના શ્રીમતિ રાજુલબેન તથા પ્રા. ડૉ. જતિન મહેન્દ્રભાઈ દેસાઈની પુત્રી સૌ. સલોની તન્વય વશીને પુત્ર તા. ૧૩-૦૭-૨૦૧૮... **આહન**

## યજ્ઞોપવિત : 

- જલાલપોર, નવસારીના શ્રીમતિ કાનન તથા શ્રી તેજસ નીતિનભાઈ નાયકના સુપુત્ર ચિ. જયને તા. ૦૮-૦૭-૨૦૧૮.

# મારા જીવનનો યાદગાર પ્રસંગ (ભાઠેલી ભાસામાં)

– ભાનુબેન ઠાકોરલાલ નાયક
ગંધોર–નવસારી

મારો મોટો દીકરો હિરેન બો નાલ્લો હતો ત્યારની વાત છે. પાંચ-છ વરહનો ઓહે. અમે મોહારમાં રેવા (રહેવા) ગયેલા. એક દાડો બપોરના એકાદ વાગેલો ઓહે. હુવાના (સુવાના) વખતે ઉં (હું) એને હોધવા ગયેલી પણ કેથેની મલે. એટલે મારો તો જીવ ઊંચો થઈ ગેયલો.

એના મામા અને બાપા ખીજવાહે તેની પાછી બો બીક લાગે. ઉં તો બધ્ધે હોધી વરી (વળી) ગામના પાદરે, બજારમાં જાં જાં (જયાં) ધ્યાન ગયેલું તાં (ત્યાં) બધે હોઈધો, પણ મલે જ ની, મેં પરમેહરને પ્રાર્થના કીધેલી કે વે'લો (વહેલો) હોધી આપે.

ઉં વાડાના ઝાંપે ઉભેલી હતી. એવામાં મારો ભાઈ કોલેજથી આઈવો, મને ત્યાં ઉભેલી જોઈને પૂઈછું કે અહીં કેમ ઉભેલી ? ને હું કરે ? મેં બીતાં બીતાં કેયું કે હિરેન રમતાં રમતાં કોણ જાણે કાં ગીઓ, મલતો નથી.

એટલે ભાઈએ તો જે હામે મઈલા (મળ્યા) તેની સાઈકલ લીધી ને હોધવા માંઈડો. જે મલે એને પૂછે બે પોઈરાને કોઈએ જોયા, નલ્લા નાલ્લા છે. હોધતાં હોધતાં પાદરે ખબર મલી કે (તળાવ) તરાવ ગમી (બાજુ) જતા ઉતા. એટલે એણે સાઈકલ મારી મૂકી તરાવ ભણી !

તરાવ પાણીથી આખ્ખું ચીકાર (ભરેલું) અને પારે પારે (પાળે) ગેયલા. તેની હામી પારે વડનું મોટું ઝાડ તેની તળીએ એની પડોહનો બામણનો પોઈરો મિતેશ દોસ્તાર એમ બેઉ જણા તાં બેહીને વાતો લાખતા ઉતા.

મામાએ પૂછયું કે તમે અહીં કાંથી-કેમ આવલા ? (આવેલા) બંને જણા ઓહી (હસી) પઈડા. ને મામો બેઉ બારકસને લેઈ ઘેર આઈવો, ત્યારે મારો જીવ એઠો (હેઠો) બેઠો.

ભાઈ કહેલા લાઈગો કે બૈરાં ભેગાં મલીને વાતમાં પડે તો પોયરાનું ધ્યાન ની રાખે. એવાં તલ્લીન થઈ જાય કે ની પૂછો વાત.

પાછાં વરી એક વાર અમે નવહારી લગનમાં ગેઈલાં, તાંથી મારી માહી (માસી) એ અમને દરજીને તાં ચોરી (બ્લાઉસ) હીવવા આપેલી તે લેવા મોકલેલાં. અમે બે-ત્રણ જણા ચોરી લેવા ગેયલાં પાછા આવવા નીકઈરા તો અડધે રસ્તે યાદ આઈવું કે હિરેન આપણી હાથે આવેલો તો મલે જ ની મારો તો જીવ કાં જાય ને કાં આવે, પછી એના પપ્પાનો બો ધાક લાગે. અવે (હવે) આવડા મોટા નવહારીમાં એને કાં હોધવો બો ગભરાઈ ગેયલા. પાછાં જાંથી આવેલા તે જ રસ્તે હોધવા માંઈડો કેટલાક જણાને પૂછયું, હરમ (શરમ) તો બો લાગે પણ હું કરીએ ! પછી દરજીની ગલીમાં જઈને પૂછયું તો એક ઘરમાં ઈરા (હીરા)ની ઘંટી ચાલે તાં જઈને બેહી ગેયલો જોવામાં એવો મશગૂલ થેઈ ગેયલો કે એને પોતાને પણ કાબર ની પડી કે એ પોતે કાં બેઠેલો છે. મઈલો ત્યારે મારા જીવને હક (શાંતિ) વળી.

વળી એક વખત નિહારમાંથી વલહાડ વિજ્ઞાનમેળામાં ગેયલો. પાંચમા-છઠ્ઠામાં ઉતો. અમને

પાના નં. ૨૫ ઉપર

તાંતણે બાંધી રાખે છે અને તે છે પરાગજીભાઈ અને કુસુમબહેનનો એમના પ્રત્યેનો નિર્વ્યાજ પ્રેમ અને નિસબત. આ સંસ્કાર એમને એમના માતૃશ્રી ગજરાબહેન પાસેથી મળ્યા છે. અનાવિલ માતાઓની એક આગવી લાક્ષણિકતા છે અને એ કે કણી કણીમાંથી મણિનું સર્જન કરવાની. આ સર્જન કરવામાં ગજરાબહેન, કુસુમબહેન પછીની પેઢીની સ્ત્રીઓનું પણ એટલું જ પ્રદાન છે તે વાત અહીં વ્યકત શઈ છે તે સાથે પરાગજીભાઈ જેવા મોભીની છત્રછાયમાં વિશાળ વટવૃક્ષની જેમ પરિવાર કેવી રીતે પાંગર્યો તેનું શબ્દચિત્ર રમેશભાઈએ સુપેરે કર્યું છે.

આઝાદી પહેલા અને પછીના સમયખંડમાં ગાંધીવિચારની અસર વિશે હંમેશા લખાયું છે. અહીં રમેશભાઈએ પણ એવો પ્રયત્ન કર્યો છે. જોકે મને એવું લાગ્યું કે એવો પ્રયત્ન થાય કે ન થાય પરંતુ કેટલાક વ્યકિતત્વ જન્મજાત ઉમદા અને સત્યનિષ્ઠ હોય છે. પરાગજીભાઈ પ્રતિભાવંત જ હતા. એમના પર એઓ જે સમયખંડમાં જીવ્યા તેની અસર રહી હશે તે સાચું. તેઓ સમય સાથે પરિવર્તનશીલ વલણ રાખી શકતા હતા. આજીવન વિદ્યાર્થી બની શકતા હતા. ત્રીજી પેઢી સાથે અનુસંધાન કરી શકતા હતા. આ લાક્ષણિકતાઓ એમને ઊંચાઈ બક્ષે છે. તેઓ રૂપલ, રાજ, રાખી, આશિષ, પાયલ, ચિંતન, નીલ, રિશી, રોહન અને અમરને હૃદયસ્થ રહી શકયા છે તેથી નાયક પરિવાર ભાવિ પેઢી માટે આ વારસાઈ અકબંધ રાખી શકે છે. આ પ્રકારની કુટુંબકથાઓ ભાવિ પેઢી માટે જેટલી આવશ્યક છે તેટલી જ સામાજિક અભ્યાસ તથા મૂલ્યાકન માટે પણ ઉપયોગી છે. એ કેટલાય લોકોનું જીવન પરિવર્તન કરી શકે.

હવે એક અંગત અનુભૂતિ વ્યકત કરીને સમાપન. મહેશભાઈના દીકરા સાથે અમારા ભાણેજ તુષારની દીકરી પણ પરણી છે તે વાતની જયારથી મને ખબર પડી છે ત્યારથી એક વિશિષ્ટ આનંદ અને ગર્વની લાગણીનો અનુભવ થાય છે. આપણી દીકરીને એક સરસ પરિવાર મળ્યો છે તેનો સંતોષ ખૂબ મોટી વાત છે. મને ખાતરી છે કે એવો જ આનંદ અને સંતોષ પરાગમ્ નાયક પરિવાર સાથે રોટીબેટીનો વ્યવહાર કરનાર પરિવારોને પણ થતો હશે. રમેશ તન્નાને કારણે જ મને તો આ પુસ્તક વિશે પણ ખબર પડેલી અને એક સરસ વ્યકિતત્વની ઝલક જોવા મળી તે બદલ એમનો પણ આભાર. ■

---

પાના નં. ૨૬ થી ચાલુ

અરખ (હરખ) બો. એટલે મારા હાહુને તો અમે ગીએ ગમતું ની ઉતું, પણ અમે તો હવાર-હવારમા નીકરી ગેયલા ગાડીમાંથી ઉતરીને નિહાળમાં ગીઆં તો મારા દીકરાએ અમને માર (માળ) પરથી જોયાં. એટલે વેલો વેલો (વહેલો) આઈવો ને રડવા લાઈગો. મે પૂઈછું હું કા રડે ? તો કહે ૧૦ રૂપિયા ખોવાઈ ગીઆ મેં કેયું કે કંઈ ની ખોવાય ગીઆ તો બીજા આપું.

ત્યારે પઈહાની એટલી કિંમત હતી ત્યારના દહ રૂપિયા આજના બહો રૂપિયા જેવા ઉતા. ■

જિંદગી જીવવાની
બે રીત છે,
કાં તો એક ખુણે
રડી લેવું અથવા
જીવનના તમામ ખુણે
લડી લેવું.

# શ્રી પરાગજીભાઈ નાયક
# એક સમર્પિત જીવન-લેખક : રમેશ તન્ના

**- બકુલા ઘાસવાલા**

શ્રી પરાગજીભાઈ નાયક અનાવિલ શબ્દની સાચી અર્થચ્છાયાને પ્રગટ કરનારા નખશિખ સજ્જન. અનાવિલ એટલે દોષ રહિત, સ્વચ્છ, આદરણીય પરાગજીભાઈ અનાવિલ ખરા. માથાભારે અનાવલા નહીં ! અનાવિલ જ્ઞાતિના સભ્યો અનાવલા તરીકે જાણીતા અને એમના વિશે વિવિધ મંતવ્યો મળે પરંતુ અનાવલાનો એક વર્ગ ગુણોનો ભંડાર. મહેનતુ, નમ્ર, બાહોશ, વિચક્ષણ, પરિવાર-કાર્યક્ષેત્ર-સમાજ પ્રત્યે સમર્પિત. આપણે જેમ જેમ એમનું જીવનચરિત્ર વાંચતા જઈએ તેમ તેમ એના વિવિધ ગુણોનો ઉઘાડ આપણી સમક્ષ થતો જાય. મુખપૃષ્ઠ પર એમની તસવીર જોઈએ ને પિતૃવત્સલ માયાળુ ચહેરાનું દર્શન થાય.

નૂતન ભારતના ઘડતરમાં અનાવિલોનો ફાળો નોંધનીય. પરાગજીભાઈનો ફાળો તો એ રીતે ધ્યાનાકર્ષક કે દેશના અગત્યના ઈજનેરી પ્રોજેકટની વાત કરો ને એમનું નામ લેવાય. કાર્યનિષ્ઠા, પ્રમાણિકતા, સમયપાલન અને સહકાર્યકર્તાઓ પ્રત્યે સમભાવ એમના વિશિષ્ટ ગુણો. પોતાને જયારે ગાડી, બંગાલાની સગવડ મળતી હોય ત્યારે સાઈકલનો ઉપયોગ કરવો કે જયાં કોઈ વ્યકિત કામમાં જરા પાછળ પડે કે ભૂલ કરે તો તેને સુધારી લેવી જેવી બાબતો એમને સહજ હતી છતાં તેઓ શિસ્તપરાયણ હતા તેનો અનુભવ તો એમને નજીકથી જાણકારોને હતો જ.

અનાવલાની એક ખાસિયત એવી કે સંયુકત પરિવારમાં કોઈ વે'રોવં'ચો ની મલે. કુટુંબનો જે સભ્ય માતાપિતા ને જમીન-વાડીવજીફા સંભાળે અને ભાઈબહેનોને ભણાવે તેમના સંતાનોની જવાબદારી શહેરમાં રહેતા કાકા-મામા લે જ. આ પરંપરા નાયક કુટુંબમાં પણ રહી એટલે નાયક પરિવારમાં પરાગજીભાઈની જેમ જ ભત્રીજા મહેશભાઈને ભારત ખાતે સમય જતા જે સ્થાન પ્રાપ્ત થયું તે માનપૂર્વક અવિચળ રહ્યું. એમના દીકરા-દીકરીઓ અને ત્રીજી પેઢીના સંતાનો પણ પિતા પરાગજીબાઈ અને માતા કુસુમબહેન માટે શ્રાવણ અને શ્રાવણી જેવો ભાવ રાખતાં રહ્યાં. આપણે કુસુમબહેનની તસલીર જોઈએ તો એ અદ્દલ અનાવિલ માતા જેવા જાજરમાન લાગે. પરિવારના મોભી પરાગજીભાઈ ખરા પરંતુ સઘળો દારીસંચાર કુસુમબહેને હસ્તક રહેતો હશે તે સમજાય તેવું સ્પષ્ટ શબ્દ ચિત્રણ પણ અહીં થયું છે. જોકે મને સમગ્ર ગાથા વાંચતા એવી લાગણી જન્મી કે આ પરિવાર પ્રેમાળ હશે અને અહીં ખાસ કોઈ હોંસાતોંસી નહીં હોય. આમ તો બધા સંતાનોની લાગણી અહીં વ્યકત થઈ છે અને તેની ચર્ચાને અવકાશ છે પરંતુ જો હું બધું જ લખું તો લંબાણ થઈ જવાનો ભય છે તો પણ મનુભાઈ , કિરીટભાઈર નયનાબહેન, પ્રકાશભાઈ, હંસાબહેન, મહેશભાઈ એમ સૌનો પરિવાર આ જીવનચરિત્ર વાંચ્યા પછી પોતીકો લાગે એટલું સરસ આલેખન ભાઈ રમેશ તન્ના કરી શકયા છે કારણ કે પરિવારનું વણાટ જ નકકર છે. આ પુસ્તકમાં જે તસવીરો છે તે ત્રણચાર પેઢીનું દર્શન કરાવે છે. આ દર્શનમાં સાતત્ય શું એવો સવાલ તો મનમાં આવે તો એક દોર એવી છે કે જે સૌને એક